| GJBK010029212026 | | રજુ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | | નોંધ્યા તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| | | ફેંસલ તારીખ | **૧૦/૦૩/૨૦૨૬** | | |
| | | અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૦ | ૦૪ |

**બનાસકાંઠા જિલ્લાના મહે. સ્પેશ્યલ પોકસો અને બીજા એડી. સેશન્સ જજ**
**શ્રી અમિત જે. કાનાણી સાહેશ્રીની કોર્ટ સમક્ષ,**
**મુકામ : પાલનપુર**

**ક્રિમિનલ પરચુરણ અરજ નંબર : ૨૪૬/૨૦૨૬**

**આંક....**

| | | |
|---|---|---|
| **અરજદાર** | : | **કલ્પેશજી ઉર્ફે પ્રકાશજી વિનોદભાઇ ધુળાભાઇ ટાકરવાડીયા (ઠાકોર)**<br>ઉ.વ.આ. ૨૧, ધંધો – મજુરી,<br>રહે. ટાકરવાડા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા. |
| | | **વિ રૂ ધ્ધ** |
| **સામવાળા** | : | **શ્રી સરકાર** |

| | |
|---|---|
| **તહોમત :–** | ગઢ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૨૪૨૫૦૮૯૧/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૩૦૫(અ),૩૩૧(૪) મુજબ. |
| **અરજ :–** | બી.એન.એસ.એસ., ૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા બાબત. |

અરજદાર તરફે વિ. વકીલ શ્રી એમ.એમ. સીંન્ધી
સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી ડી.એચ. છાપીયા

**–// ઠ રા વ //–**

(૧) આ કામના અરજદારને ઉકત ગુનાના કામે તા. ૨૨/૧૨/૨૦૨૫ ના રોજ અટક કરી અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરતાં, તેમને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ હોઇ, રેગ્યુલર જામીન ઉપર મુકત થવા સારૂ

અરજદાર તરફે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે હાલની આ જામીન અરજીદાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજીની હકીકત ટૂંકમાં એવી છે ક, અરજદાર નિર્દોષ છે અને કહેવાતાગુના અંગે કશું જાણતા નથી. અરજદારને એકમાત્ર શંકાના આધારે ખોટી રીતે ગુનામાં સંડોવણી કરેલ છે. ફરિયાદમાં અરજદારનું નામ નથી. અરજદાર ગુન્હામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલ નથી. ગુન્હાની તપાસ પુરી થઇ ગયેલ છે અને ત.ક.અધિકારીએ ચાર્જશીટ ફાઇલ કરી દીધેલ છે. અરજદાર ટાકરવાડા, તા. પાલનપુરના સ્થાનિક રહેવાસી છે, મજુરી કરી તેમના કુટુંબનું ગુજરાન ચલાવે છે, સ્થાવર તેમજ જંગમ મિલ્કત ધરાવે છે ત્યારે કયાંય નાસી ભાગી જાય તેવા ઇસમ નથી. ના. કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તેમજ શરતોનું પાલન કરવા ખુશી હોય, અરજદારને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૩) અરજદાર તરફે તેમના વકીલશ્રીએ અરજી મુજબની રજુઆત કરી અરજદારને નામદાર કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તેમજ શરતોનું પાલન કરવા તૈયાર હોય, જામીન મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) શ્રી સરકાર તરફે વિ. એડી.પી.પી. શ્રી ડી.એચ. છાપીયાને સાંભળ્યા. તેઓ તેમની રજૂઆતમાં જણાવે છે કે, આ કામના અરજદાર/આરોપી સામે ગઢ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૨૪૨૫૦૮૯૧/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૩૦૫(અ),૩૩૧(૪) મુજબના ગંભીર પ્રકારના ગુન્હાનો આક્ષેપ છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીથી આવા પ્રકાના ગુન્હાઓ કરે તેમ હોય, જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) ત.ક.અધિકારીએ આંક. ૬ થી પોતાનો અભિપ્રાય રજુ કરી અરજદાર/ આરોપી ગુનાની ટ્રાયલ દરમિયાન કોર્ટમાં હાજર ન રહે તેવી શકયતા હોઇ, આરોપીએ ઘરફોડ ચોરીનો ગંભીર પ્રકારનો ગુનો આચરેલ હોઇ, જામીન ઉપર મુકત થશે તો ફરીથી આવા ગુનાઓ કરતા અચકાશે નહી અને આરોપીને મોકળુ મેદાન મળી જશે, તેમજ આરોપી સામે ગંભીર પ્રકાના ગુનાનો આક્ષેપ હોય અને અરજદારને જામીન આપવામાં આવશે તો સામ, દામ, દંડની નીતી અપનાવી સાહેદોને ધાક ધમકીઆપી પુરાવા નાશ કરે તેવી શકયતા રહેલી હોય, જામીન અરજી નામંજુર કરવા અભિપ્રાય આપેલ છે.

(૬) બન્નેપક્ષની રજુઆતો ધ્યાને લીધી. એફ.આઇ.આર. વંચાણે લીધી, કેસ પેપર્સ ધ્યાનમાં લીધા. આ કામના આરોપી વિરૂધ્ધની ફરિયાદ હકીકત જોવામાં આવે તો, તા. ૧૮/૧૨/૨૦૨૫ ના કલાક ૧૭-૩૦ થી તા. ૧૯/૧૨/૨૦૨૫ ના કલાક ૮-૦૦ દરમ્યાન હરકોઇ વખતે રાત્રીના સમયે મોજે ટાકરવાડા ગામે ફરિયાદીની દુકાનનું તાળું તોડી દુકાનની અંદર પ્રવેશ કરી દુકાનમાં રાખેલ કબાટમાંથી કાચના પારા વાળી ચાંદીની માળા નંગ-૦૯ જેનુ કલ આશરે વજન ૯૦ ગ્રામ જેની કિંમત રૂા. ૯,૦૦૦/- તથા ચાંદીની છુટી ઘુઘરી, ચાંદીનોલ પાતળો તાર, ચાંદીની અલગ અલગ વજનની વિટીં નંગ -૫૦, ગળામાં પહેરવાની ડોડી નંગ-૫, ચાંદીના નાના છોકરાઓને પહેરવાના ચડા નંગ-૪, ચાંદીનું પારણું નંગ-૧, ચાંદીની લકકી નંગ-૫, તોડીના લટકણા ઘુઘરીવાળા નંગ-૬ ચાંદીના નજરીયા કાળા પારાવાળા નંગ-૧૦, ચાંદીના ગોગા મહારજની નાની મુર્તિ નંગ -૫, ચાંદીના પગની આંગળીમાં પહેરવાના ચવેટીયા નંગ-૧૦, તથા ચાંદીના પગની આંગળીમાં પહેરવાના વેઢ નંગ-૪ તથા એક સિલાઇ મશીન મળી કુલ કિમત રૂા. ૫૩,૪૦૦/- ની ચોરી કરી લઇ જઇ ગુનો કર્યાનો આક્ષેપ છે. ગુનાની તપાસ દરમ્યાન સી.સી.ટી.વી. ફૂટેજ ચેક

કરતાં હાલના અરજદાર/આરોપી હોવાનું જણાય આવેલ અને આરોપીની પુછપરછ દરમ્યાન તેઓને સી.સી.ટી.વી. ફૂટેજ બતાવતાં તેમાં પોતે હોવાની કબુલાત કરેલ છે. અરજદાર/આરોપીની અંગ ઝડતી દરમ્યાન લીલા કલરની નાની થેલીમાં અલગ અલગ ચાંદીના દાગીના મળી આવેલ હોય પંચનામું કરી કબજે લીધેલ છે. તેમજ આરોપીના બતાવ્યા મુજબ ટાકરવાડા ગામેથી ચોરીમાં ગયેલ સિલાઇ મશીન પણ કબજે કરવામાં આવેલ છે. આરોપીએ હાલનો ગુનો પૈસાની તંગીના કારણે કરેલ હોવાની કબુલાત કરેલ છે, ત્યારબાદ આરોપીને તા. ૨૨/૧૨/૨૦૨૫ ના રોજ અટક કરી તા. ૨૩/૧૨/૨૦૨૫ ના રોજ વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં રજુ કરી રીમાન્ડ મેળવેલ છે અને રીમાન્ડ પુરા થતાં તેઓને જયુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ છે અને ત્યારથી જેલમાં છે. આમ આ કામે ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર થઇ ગયેલ છે. અરજદાર પુરતી મહદઅંશે તપાસ પુર્ણ થયેલ છે. અરજદાર વિરુધ્ધ કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. અરજદાર વિરૂધ્ધ નોંધાયેલ આક્ષેપિત ગુન્હાની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડી.મેજી.ફ.ક.શ્રીને છે. ટ્રાયલ ચાલતાં સમય જાય તેમ છે અને ત્યાં સુધી અરજદાર/આરોપીને જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થયાનું નકારી શકાય તેમ નથી. તેમજ "**જામીન એ નિયમ અને જેલ એ અપવાદ છે** " તે સિધ્ધાંત સાથે વ્યકિત સ્વતંત્રતાનો સિધ્ધાંત તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના **સંજય ચંદ્રા વિ. સી.બી.આઇ., ૨૦૧૨(૧), એસ.સી.સી. ૪૦** ના ચુકાદામાં પ્રતિતાદિત કરેલ સિધ્ધાંત જોતાં, અરજદારને ગુન્હાના કામે જામીન મુકત કરવા યોગ્ય અને ન્યાયોચિત જણાય છે.

**–:: હુ ક મ ::–**

**૧.** અરજદાર/આરોપીની જામીન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

**સ્પેશ્યલ (પોકસો) અને**
**બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.**

**૨.** અરજદાર/આરોપી કલ્પેશજી ઉર્ફે પ્રકાશજી વિનોદભાઈ ધુળાભાઈ ટાકરવાડીયા (ઠાકોર), રહે. ટાકરવાડા, તા. પાલનપુર, જિ. બનાસકાંઠા નાઓને બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયે ગઢ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૫૦૨૪૨૫૦૮૯૧/૨૦૨૫, બી.એન.એસ. ની કલમ– ૩૦૫(અ), ૩૩૧(૪) મુજબના ગુન્હાના કામે રૂા. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા એક લાખ પુરા) ના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધિન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

(૧) અરજદાર/આરોપીએ છ માસ સુધી દર અંગ્રેજી મહીનાની પહેલી અને પંદરમી તારીખે કલાક ૧૧–૦૦ થી બપોરે ૨–૦૦ વાગ્યાના સમય દરમિયાન સંબંધીત પો.સ્ટે. માં પી.એસ.ઓ. સમક્ષ પોતાની હાજરી નોંધાવવાની રહેશે.

(૨) અજદાર/આરોપીએ ફરિયાદી કે ફરિયાદપક્ષના સાહેદોને કોઈપણ રીતે ધાક–ધમકી આપી દબાવવા, ફોસલાવવા, ફોડવા પ્રયત્ન કરવો નહી કે પુરાવા સાથે ચેડા કરવા નહી.

(૩) અરજદાર/આરોપીએ પોતાના કાયમી સરનામા ધંધાના અને રહેઠાણના અને હંગામી સરનામા ધંધા અને રહેઠાણના અલાયદી પુરશીશથી રજુ કરવા અન તે આ કોર્ટની પરવાનગી વગર બદલવા નહી અને તે ત.ક.અધિકારી સમક્ષ પણ રજુ કરવા.

(૪) અરજદાર/આરોપીએ પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન રજુ કરતી વખતે અથવા જામીન ઉપર મુકત થયા બાદ દિવસ–૭ માં ટ્રાયલ કોર્ટમાં પાસપોર્ટ જમા કરાવવો અને પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે અંગેનું ટ્રાયલ કોર્ટમાં સોગંદનામું કરવું.

(૫) અરજદાર/આરોપીએ ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

(૬) અરજદાર/આરોપીએ પોલીસ તપાસમાં તપાસના હેતુ માટે અને જયાં જયાં બોલાવે ત્યારે અને ત્યાં હાજર રહી પોલીસ તપાસમાં સહકાર આપવો.

(૭) અરજદાર/આરોપીએ પોતાના પાસપોર્ટ સાઇઝના બે ફોટા જામીન રજુ કરતી વખતે અથવા જામીન ઉપર મુકત થવા બાદ દિવસ–૭ માં ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવા, તેમજ અરજદાર/આરોપીના જામીનદારે પણ પોતાના પાસપોર્ટ સાઇઝના બે ફોટા જામીન આપતી વખતે કે દિવસ–૭ બાદ ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવા.

(૭) અરજદાર/આરોપીએ કોઇ ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાવવું નહી અને ગુનાનું પુનરાર્વતન ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

(૮) અરજદાર/આરોપીએ કેસની ટ્રાયલ દરમ્યાન અદાલત સમક્ષ નિયમિત રીતે હાજર રહેવું.

– ઉપરોકત શરતો પૈકી, કોઇપણ શરતનો ભંગ થયેથી, અરજદાર/આરોપીના જામીન રદ થવાને પાત્ર ઠરશે.

– અરજદાર/આરોપીએ વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ જામીન આપવા.

– હુકમની જાણ વિ. મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટને તેમજ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તા. **૧૦** મી માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ : પાલનપુર
તારીખ : ૧૦/૦૩/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
બીજા એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે.૦૦૬૬૨)

**//raval//**

**સ્પેશ્યલ (પોકસો) અને**
**બીજા એડી. સેશન્સ જજ, પાલનપુર.**